

રમેશ ઠક્કર

# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સરકી ગયેલ ક્ષણ બીજું તો શું દઈ શકે?
અવઢવભર્યું વલણ બીજું તો શું દઈ શકે?
વીત્યાતણો અફસોસ ને યાદો ઘણી બધી!
કોઈને બાળપણ બીજું તો શું દઈ શકે?
સપનું થઈને રોજ એ આવે, જતું રહે
ગમતું કોઈક જણ બીજું તો શું દઈ શકે?
આંખોથી ઊભરાઈને વહેતો આ ખાલીપો!
યાદોનું સંક્રમણ બીજું તો શું દઈ શકે?
સુવું પડે છે બાણની શય્યા ઉપર પછી,
લેવાઈ ગ્યેલું પ્રણ બીજું તો શું દઈ શકે?
સઘળી ઉપાધિઓ ને પછી સાવ સમાધિ!
જીવન અને મરણ બીજું તો શું દઈ શકે?

હિમલ પંડ્યા

## પાથેય

# જીવતરના ઉધામા...

ઘટનાઓ ઘટતી રહે છે.એમાંથી જે પ્રાપ્ત થાય એનો આપણે કોઈ હિસાબકિતાબ રાખતા નથી.એક અલપઝલપ છાપ આપણા મનમાં રહી જતી હોય છે.જિંદગીની કમાણીનો હિસાબ સહુ કોઈ કરતા રહે છે.એમાં જે મળ્યું એનો ઉલ્લેખ સહજ હોય પંરતુ જે નથી મળતું એના વસવસાની ઉધારનોંધ લાંબી હોય છે ! કવિ કે સર્જકોનાં જમાઉધાર અનોખાં હોય છે.એ સરી ગયેલી ક્ષણોની ગણતરી પણ કરે છે એ માટે એના પોતાના માપદંડો છે.સામાન્ય માણસ આયખાનાં લેખાંજોખાં કરી પોતાના જીવનનું સરવૈયું કાઢતો રહે છે.કવિ ક્ષણોને ગણે છે.અને એમાંથી શું મળ્યું એનો અડસટ્ટો પણ કાઢી લે છે.સરી ગયેલી ક્ષણોએ શું આપ્યું? એમનો જવાબ છે કે એણે આપ્યું અવઢવભર્યું વલણ ! માણસ જીવતો રહે છે પણ દિશા પ્રાપ્ત કરી શકતો નથી.અંત સમય સુધી એની આ અનિર્ણાયકતા અકબંધ રહે છે.કવિ શબ્દો થકી આ મથામણને બરાબર વ્યક્ત કરે છે.

વિતેલો સમય માણસને બરાબર યાદ રહી જતો હોય છે.અતીતરાગનો આલાપ દરેક જણ છેડે છે.માણસની જિંદગીનો સૌથી યાદગાર સમય બાળપણનો હોય છે.એ સમયની જે સ્મૃતિઓનો પટ હોય છે એ વધારે ઘટ્ટ હોય છે.એવો સમય જિંદગીમાં ફરી ક્યારેય આવતો નથી.એટલે જ એનો વસવસો સહુ કોઈને કોરી ખાય છે.બાળપણ માણસને ઘણું બધું આપે છે.સાથે જ વસવસો પણ આપે છે.!

કોઈને કોઈ આશાનો તંતુ આપણને જીવાડતો રહે છે.માણસ કલ્પના વિહારમાં રાચે છે,ત્યારે જ એ સુખની ચરમસીમા અનુભવે છે .વાસ્તવની ભૂમિ ઉપર ફક્ત અડચણો અને અફસોસ જ ભરેલાં છે. સપનાં છે તો જિંદગી છે.મોંઘામૂલનાં સપનાંઓને સાચવવાની તલાશ સહુ કોઈને હોય છે.પોતાનું સપનું સાચું પડે તો એનો આનંદ જ કંઈક ઓર હોઈ શકે.માણસ ધારે છે કંઈક, અને જીવનમાં બને છે કંઈક બીજું જ.આ વીફળનો ખટકો જબરજસ્ત હોય છે. જે કંઈ ગમી જાય,એને ગૂમાવી દેવું પડે છે.એ સપનું જ પછી તો જીવવા માટેનું કારણ બની જાય છે.માણસ વિરહનો ભાવ અનુભવે કે આંખમાંથી આંસુઓની ધાર વહેતી હોય એ કોઈક તૂટેલા સ્વપ્ન પાછળની ઘટનાઓ છે. આંખમાંથી આંસુ? નહીં અંદરનો ખાલીપો એ વહેતો રહે છે.યાદો એકઠી થાય છે ત્યારે એ સામૂહિક રીતે આવું આક્રમણ કરે છે.!

પોતાની જ પ્રતિજ્ઞાઓ કે પોતાના જ નિયમો ઘણીવાર માણસને મુશ્કેલીમાં મૂકી દે છે.ગતાનુંગતિક જીવવું અને કોઈ ધ્યેય સાથે જીવવું એ બંને વસ્તુ અલગ છે.જો ચિલાચાલુ અભિગમથી જીવીએ તો કોઈ પણ પ્રકારની કસોટી આપવી પડતી નથી.પરંતુ જો કોઈ ચોક્કસ ધ્યેય માટે પ્રતિબદ્ધ રહો તો બાણશૈયા ઉપર સૂવાની તૈયારી રાખવી પડે છે.!જીવન આમ જોઈએ તો એક સીધીસાદી ઘટના છે.આખી જિંદગી માણસ ઉધામા કર્યા કરે છે.છેવટે એની ફલશ્રુતિ શું હોય છે ? કવિ કહે છે આ બધી ઉપાધિયો પછી જે પ્રાપ્ત થાય છે એનું નામ નિરંતર સમાધિ.જીવન અને મરણ માણસને શું આપે છે ? બસ આવો એક અંતિમ મુકામ.જ્યાં જીવનભરના બધા ઉધામા શમી જાય છે !

# રોમેન્ટિક રેઈન..! શીફોન સાડીમાં હીરોઇન જોઈ ગાઈ ઊઠશો કે મૈં નાચું આજ છમ છમ છમ છમ..!

રાજ્યભરમાં વરસાદી માહોલ જામ્યો છે. આ વરસાદી માહોલમાં ઘણા લોકોનો રોમેન્ટિક મૂડ પણ બન્યો હશે. ચોમાસું તેની સાથે વરસાદ, ઠંડો પવન અને આહલાદક



હવામાન તો લાવે જ છે, પરંતુ તે આપણા મૂડ અને દિલને પણ સુકૂન આપે છે.

બોલિવૂડની ફિલ્મોમાં મોનસૂન હંમેશા રોમાન્સ સાથે જોડાયેલું રહ્યું છે. તમે ફિલ્મોમાં હીરો-હિરોઈનોને વરસાદમાં વારંવાર ડાન્સ કરતા જોયા હશે. તમને આજે એવા જ ટોપ બોલિવૂડ વરસાદના ગીતો વિશે વાત કરીશ જે સાંભળીને ચોમાસાની સિઝનની મજા બમણી થઈ જશેપ

રાજકપૂર અને નરગીસ પર ફિલ્મવામાં આવેલા 'પ્યાર હુઆ ઈકરાર હુઆ' ગીત આજે પણ લોકો ગણગણે છે. ચલતી કા નામ ગાડી ફિલ્મમાં કિશોર કુમાર અને મધુબાલાનું 'ઈક લડકી ભીગી ભાગી સી...' ગીતની ધૂન આજે પણ લોકોને વરસાદમાં ડોલાવે છે. વરસાદમાં રોમાન્સ કરવાની આ પરંપરા આજે પણ ચાલુ છે. વરસાદ આવતા જ રાતે ઠંડક પ્રસરે ત્યારે રાજેશ ખન્ના અને ઝીન્નત અમાનનું ગીત 'ભીગી ભીગી રાતો મેં...' ગીત ગાવાનું મન થઈ જાય છે. અમિતાભ બચ્ચન અને સ્મિતા પાટીલનું 'આજ રપટ જાયે તો...', અક્ષય અને રવીના ટંડનનું 'ટીપ ટીપ બરસા પાની...', આમિરખાન અને કરીનાનું 'ઝુબી..ઝુબી..' અને આજની પેઢીના યુવાન એકટર ટાઈગરશ્રોફ અને શ્રદ્ધા કપૂરનું 'છમ..છમ..' ગીત સાંભળીએ ત્યારે ભલભલાને ડોલવાનું મન થાય છે.!



ગાંધીનગર જંક્શન
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

ગુરુ ફિલ્મમાં 'બરસો રે મેઘા...મેઘા..' વરસાદમાં ગીત ગાતી ઐશ્વર્યા રાયના ડાન્સને આજે પણ કોઈ ભૂલી નથી શક્યા. 'સાસો કો સાસો સે મિલને દો જરા...' હમતુમ ફિલ્મમાં સૈફ અને રાની મુકરજી પર ફિલ્માવવામાં આવ્યું છે. ફિલ્મ 'મંઝિલ'નું એવરગ્રીન મોનસૂન ગીત 'રિમજીમ ગિરે સાવન' બીજા કોઈએ નહીં પણ કિશોર કુમારે ગાયું હતું. આ ગીત અભિનેતા અમિતાભ બચ્ચન અને મૌસમી ચેટર્જી પર ફિલ્માવવામાં આવ્યું હતું. આ ગીતને રિલીઝ થયાને લગભગ ૪૪ વર્ષ થઈ ગયા છે, તેમ છતાં આ ગીત ચોક્કસપણે દરેકના પ્લે લિસ્ટમાં રહે છે.

ફિલ્મની હિરોઈનને વરસતા વરસાદમાં પલાળીને ગીત ગવડાવવાનો સિલસિલો પુરાણો છે. આજે યુવાન સંતાનોની માતા બની ચૂકેલી મુમતાઝે તેની યુવાનીમાં 'દો રાસ્તે' ફિલ્મમાં ગાયેલું 'છુપ ગયે સારે નઝારે' ગીતની યાદ આજે પણ તે સમયે જેણે પિક્ચર જોયું હશે તેને રોમાંચિત કરવા પુરતી છે. રાજેશ ખન્ના સાથે ફિલ્માવવામાં આવેલા આ ગીતમાં મુમતાઝનું ભીનું ભીનું સૌંદર્ય પૂરબહારમાં ખિલ્યું હતું. તેના આ સૌંદર્યનું પાન કરવા અનેક સૌંદર્ય પ્રેમીઓએ આ સિનેમા વારંવાર જોયું હતું.

આવું જ મદમસ્ત સૌંદર્ય જોવા માટે ફિલ્મી રસિયાઓએ 'હમજોલી' પિક્ચર જોવા પડાપડી કરેલી. લીના ચંદાવરકરે વરસતા વરસાદમાં પલળતાં પલળતાં જિતેન્દ્ર સાથે 'હાય રે હાય' ગીતમાં રોમેટિંક ડાન્સ કર્યો હતો. ધીર ગંભીર ભૂમિકાઓ ભજવવા માટે પ્રખ્યાત બનેલી સ્મિતા પાટીલે પણ અમિતાભ બચ્ચન સાથે 'નમક હલાલ' ફિલ્મમાં 'આજ રપટ જાએં તો' ગીત બિન્ધાસ્ત ભજવેલું. ઝીનત અમાન તો આમ પણ બિન્ધાસ્ત હિરોઈન તરીકે જાણીતી હતી. 'રોટી કપડાં ઔર મકાન'માં 'હાય હાય એ મજબૂરી' ગીતમાં તે 'અપીલીંગ' લાગતી હતી.

શિલ્પા શિરોડકરે તો જાણે વરસાદી ગીતો ગાઈને તેના સેક્સી સૌંદર્યને દર્શકો સમક્ષ પેશ કરવાની સ્પર્ધા રાખી હોય તેમ મોટાભાગના બધા પિક્ચરોમાં તે પલળી છે. તેના વરસાદી ગીતોએ જ તેને 'સેક્સ' સિમ્બોલ બનાવી છે. ફિલ્મી રસિયાઓ શિલ્પાને 'વરસાદી હિરોઈન' તરીકે પણ ઓળખે છે. વર્ષા ગીતો આપવામાં મરાઠી નટીઓ બહુ બોલ્ડ રહી છે. માધુરી દીક્ષિત તેથી જ તેને 'બરસાત' પિક્ચરમાં ન ભીંજવી હોત તો પણ ચાલત. 'બરસાત' ફિલ્મમાં ભીંજાયેલી બિપાશાને જોઈને પ્રેક્ષકોના મન વિચલિત થયા હતા. 'ચમેલી' ફિલ્મમાં ગોરી ગોરી કરીના કપૂરનું ગોરું ગોરું રૂપ 'ભાગે રે મન કહીં' ગીતમાં વધારે નિખરી ઊઠયું છે.

ફક્ત હિન્દી ફિલ્મોમાં જ નહીં વરસાદ અને વરસાદના ગીતોનો મહિમા આપણે ત્યાં સદીઓ પુરાણો છે. કાલિદાસના 'મેઘદૂત'થી વધારે સારું ઉદાહરણ બીજું કયું હોઈ શકે? વર્ષા ઋતુ આવે એટલે 'મોહરા' ફિલ્મમાં રવિના ટંડને ગાયેલું ગીત 'ટીપ ટીપ બરસા પાની....' સહેજે સાંભરી આવે. પૂજા ભટ્ટ અને અતુલ અગ્નિહોત્રી પર ફિલ્માવવામાં આવેલું 'સર' ફિલ્મનું ગીત 'સુન સુન સુન બરસાત કી ધૂન...' પણ ફિલ્મી રસિયાઓમાં ખાસ્સુ માનીતું છે. આમ તો '૧૯૪૨ અ લવસ્ટોરી'ના બધા જ ગીત તનમનને ડોલાવે એટલાં સુંદર છે. પરંતુ તેનું કુમાર શાનુ અને કવિતા કૃષ્ણમૂર્તિના કંઠે ગવાયેલું મખમલી વરસાદી ગીત 'રિમ ઝિમ રિમ ઝિમ...' યાદગાર બની રહ્યું છે.

'ગુરૂ' ફિલ્મનું ઐશ્વર્યા રાય બચ્ચન પર ફિલ્માવવામાં આવેલું ગીત 'બરસો રે મેઘા મેઘા...' ગીત દર્શકો પર જાદુઈ અસર છોડી ગયું હતું. આજે પણ આ ગીતનો જાદુ ઓસર્યો નથી. પણ તમને એ જાણીને નવાઈ લાગશે કે મણી રત્નમ્ દિગ્દર્શિત ફિલ્મનું આ ગીત ભર ઊનાળે ફિલ્માવવામાં આવ્યું હતું! સંતૂરવાદક શિવ કુમાર અને વાંસળીવાદક હરિ પ્રસાદ ચૌરસિયા સંગીરકારોએ વર્ષા ઋતુના મૂડને પોતાના સંગીતમાં બખૂબી ઢાળ્યો છે. તેમના નામે 'લગી આજ સાવન કી...', 'પર્બત સે કાલી ઘટા...' અને 'મેઘા રે મેઘા રે...' જેવા વિવિધ મૂડના વર્ષાગીતો બોલે છે. પરંતુ તેમાંથી 'ચાંદની' ફિલ્મનું હૃદયને ચૂર ચૂર કરી દેતું ગીત 'લગી આજ સાવન કી...' સૌથી લોકપ્રિય બન્યું છે. સુરેશ વાડકરના કંઠે ગવાયેલું આ ગીત વિનોદ ખન્ના, શ્રીદેવી અને જુહી ચાવલા પર ફિલ્માવવામાં આવ્યું હતું.

હિન્દી ફિલ્મોના રોમાંચક વર્ષાગીતોમાં મોટાભાગની હીરોઈનોને મદહોશ બતાવવા તેમના તન પર શિફોનની સાડી દર્શાવવાનો ટ્રેન્ડ ખાસ્સો પ્રચલિત હતો. પણ 'દિલ તો પાગલ હે'ના ગીત 'કોઈ લડકી હૈ...' માધુરી દીક્ષિતને કુરતામાં દર્શાવવામાં આવી હતી. 'ચમેલી' ફિલ્મમાં કરીના કપૂરનું બિન્ધાસ્ત ડાન્સ સાથે રજૂ કરવામાં આવેલું ગીત 'ભાગે રે મન ભાગ...' વર્ષા ગીતોમાં એકદમ નોખું તરી આવે છે. મોટાભાગે ૯૦ના દશકની આસપાસ આવેલા આ વરસાદી ગીતો બાદ નવી પેઢીની હીરોઈન શ્રધ્ધા કપૂર પર ફિલ્માવવામાં આવેલું 'બાગી'નું ગીત 'છમ છમ...' પણ ખાસ્સું લોકપ્રિય બન્યું છે. નવા વર્ષાગીતોમાં 'હાફ ગર્લ ફ્રેન્ડ'ના ગીત 'બારિશ...'માં વરસાદમાં પલળતી શ્રધ્ધા કપૂરને જોઈને અર્જુન કપૂર તેની પાછળ ભાગે છે.

હાલમાં સોશિયલ મીડિયામાં એક વીડિયોને લોકો બહુ પસંદ કરી રહ્યા છે. આ વીડિયોમાં એક કપલ મુંબઈના વરસાદનો આનંદ માણતા અનેક વિસ્તારમાં ફરે છે. આ કપલે મંઝિલ ફિલ્મમાં અમિતાભ બચ્ચન અને મૌસમી ચેટરજી પર ફિલ્માવવામાં આવેલ ગીત 'રિમ ઝિમ ગીરે સાવન...' ને રિક્રેઅટ કર્યુ હતું. સોશિયલ મીડિયામાં આ કપલના વીડિયોને લાખો લોકોએ પસંદ કરતા કમેન્ટ કરી હતી કે આ ઉમંરે પણ આવો રોમાન્સ જોવા મળે છે તે બહુ સુંદર વાત કહેવાય. હિન્દી ફિલ્મ અને વરસાદ એકબીજાના પર્યાય માનવામાં આવે છે. હિન્દી ફિલ્મમાં ગીતને વધુ સુપર હિટ બનાવવામાં વરસાદ પણ એક મહત્વનું 'પાત્ર' કહી શકાય..!

**રેડ સિગ્નલ :**

વરસાદની રોમેન્ટિક સિઝનમાં જો તમને પલળવાની ઈચ્છા નથી થતી તો સમજી જવાનું કે તમે મેન્ટલી વૃદ્ધ થઈ ગયા છો..!

# "કોણ કેટલું શ્વસ્યા કરે, ને કોને કારણે એ ચર્ચા થતી રહે ને મલકાઈને ઈર્ષા પ્રસિદ્ધિ તરફ દોરતી જાય એમ પણ બને"

"કોની આભારી છે મારી દીવાનગી,
શોધવાની કોશિશ બધી છે નકામી
ઉડયા છાંટા ટીકાકારો રણકી ઉઠ્યા
મંદ મંદ મલકાતી આવી મારી પ્રસિદ્ધિ"

આપણી દીવાનગી એટલે કે આપણને હંમેશા ખુશ જોઈ ઘણાં લોકો ઈર્ષા કરતા હશે અને ટીકાકારો ટીકા પણ.

"શ્વસુ હું કેટલું એની ચર્ચા પણ રહે
નકરી બળતરા એના ભાગે રહે"

જયારે જીવનમાં ટીકાકારો વધી જાય ત્યારે સમજવું કે આપણી પ્રસિદ્ધની નોંધ લેવાય છે, અને એટલે ચિંતા કર્યા કરતા ખુશ રહેવાનું. જીવનમાં એવું ઘણીવાર બનશે કે ચિંતા અને પીડા સામે શ્રધ્ધા અને વિશ્વાસ એમ બે ફાંટે પડતા રસ્તા સામે આવીને ઉભા હોય.

ટીકાકારો તો મોટા ભાગે અંગત હોય છે.આ સમયે વળતા પ્રહાર રૂપે માત્ર દૂર થવું થોડા સમય માટે એજ મોટો ઉપાય.

એવા લોકો ને જે તમારા માટે ખરાબ વિચારે છે, એમને માફ કરી જીવન જીવતા રહેવું આસાનાથી એ શક્ય ખરું?

બિલકુલ નહીં, તો સરળ ઉપાય એ જ કે એવા લોકોને ગાંડા ગણવા. કારણ ગાંડા તો બોલ્યા કરે.

શું ગાંડાની સામે થવાય? બિલકુલ નહીં..એ આપણને ઇજા જ પહોંચાડે.

આપણે પણ એની સામે જોઈ હસી લેવાનું.

સુખમય જિંદગી જીવવી હોય તો ટીકાકારો સામે મુકબધિર બની જીવવાનો નવો રસ્તો અપનાવો. અને આપણું મન કહે એ કાર્ય કરવા, પછી જુઓ કે જિંદગીમાં સુખ જ સુખ છે કે નહિ.

આપણે ફાઇટ આવા ટીકાકારો સાથે નથી કરવાની.

આપણા સપનામાં આડે આવતા અવરોધ પર કરવાની છે, એ નકારાત્મકતા સાથે કરવાની છે જે ટીકાકારોએ આપણા સુધી પહોંચાડી હશે



એમ પણ બને !
પારૂલ અમિત

"every day, two bulls fight in every person's mind. positivity and negativity. do you know which one wins? the one which you feed the most"

કોઇપણ વ્યક્તિ દુઃખ અને પીડા પહોંચાડે ત્યારે એ વાત ને એ પરિસ્થિતિને વધુ મહત્વ આપવું જ નહીં, કારણ એવી વ્યર્થ વાતો જ આપણા પ્રયત્નોને નબળા પાડે છે. શું ટીકાકારો ની ટીકાથી આપણું બેંક બેલેન્સ ખાલી થઈ જાય છે? નહીં ને? તો શું કામ આપણી ખુશીઓ નું બેલેન્સ ખાલી કરવાનું આપણે.

કોઈપણ પ્રકારની વાહિયાત વાત કે ચર્ચા થી આપણે એવા તો થઈ જવાનાં નથી ને.

તો દૂર કરવાના આવા સંબંધ અને આવા પ્રહાર જે આપણા સુધી પહોંચાડે એવા માધ્યમને પણ.

એક સરળ પ્રક્રિયા કહું તો એવું થિક્કિંગ રાખવાનું જેમ મહાભારતની સિરિયલમાં સામેવાળી વ્યક્તિ એક બાણ ફેંકે તો પોતે મંત્રોચાર કરી બે બાણ ફેંકે અને બંને ટકરાય, અને આ બે બાણ પેલા એક બાણના ટુકડા કરી નાંખે.

આ આખા સીન ને નજર સમક્ષ રાખવાનો જેવો કોઇ ટીકાનો પ્રહાર કરે એક હળવી સ્માઈલ વાળો મંત્રોચાર કરી ટીકા રૂપી બાણના ટુકડા કરી દેવાના.

કોઇ ઈર્ષાભાવ અને વિકૃત મગજ વાળાની વાતોથી આખે આખું જીવન અટકી પડતું નથી.

આત્મવિશ્વાસ સાથે, ગરિમા જાળવીને અને માથું ઊંચું રાખીને જીવવાનું, કોઈપણ પ્રકારની લઘુતાગ્રંથિ કે આવું કેમ? શું કામ? મારી સાથે આવો વ્યવહાર? આવું બધું બિલકુલ વિચારવાનું જ નહીં.

દુનિયા ખુબ મોટી છે, અને તમારા સપના પણ, જે ની સામે આવા લોકો ઘણાં નાના છે.

"થોડા અધ્ધર શું આવ્યા લોકો પગ ખેંચવા લાગ્યા
પારકા તો ઠીક પોતીકા પણ ખંજર ભોંકવા લાગ્યા"

- parulamit198@gmail.com
Mo. 7201001482

# પેરેન્ટિંગ માટેની સભાનતા શા માટે જરૂરી છે?

મા બાપ "બનવું" અને મા બાપ "થવું" બંને બહુ અલગ વસ્તુ છે...... બાળકનાં જીવનનાં અલગ અલગ



તબક્કે તેમની સાયકોલોજી સમજી, તેમનાં વર્તનની પરિભાષાને આત્મસાત કરી, સંબંધનાં તાણાવાણા જોડવા સાથે સાથે પેરેલલ તેને એક વ્યક્તિગત સ્પેસ અને પોતાની સૂઝબુજ વિકસે તે માટે તેની કોઠાસૂઝ મુજબ જીવવાની, વિહરવાની એક સૂક્ષ્મ સ્વતંત્રતા આપવી.

યોગ્ય દિશાસૂચન "કરવું" અને સૂચનોનો "મારો કરવો" બંનેમાં ફરક છે. જો આપણે પોતાની જાતની ભૂલોને સહેલાઈથી માફ કરી શકતા હોય, તો બાળકને પણ ભૂલ કરવાની સ્વતંત્રતા આપવી જોઈએ. જો એ ભૂલ જ નહીં કરે તો જીવવાનું શિખશે રીતે? દરેક બાળકમાં કુદરતી રીતે જ રહેલ "જેદ્દિદૃઙ્ક્ષ`હજૈહષ્ઠ" પર ભરોસો કરવો જોઈએ.જેનું અર્થઘટન ભૂલ તરીકે કરીએ છીએ તે તેનો જીવન જીવવા માટેનો, કંઈક શીખવા માટેનો એક પ્રયાસ પણ હોઈ શકે. જો ભૂલને આપણે ગુનો કરાર આપી દઈશું તો, એ સાચું જીવવાનો પ્રયાસ પણ છોડી દેશે.



પમરાટ
મિત્તલ પટેલ

વ્યવહારુબુદ્ધિ ક્યારેય દંભ અને કૃત્રિમતાને પોષતી ન હોવી જોઈએ. અને કુદરતી તરહ જો થોડી વાકી ચૂકી હોય....ચીલાચાલુ દ્રષ્ટિકોણમાં બંધબેસતી ન હોય તોપણ પોતીકી હોય છે. અને જે પોતીકું હોય છે એ જ સ્થાયી રહે છે, સંદર્ભ સાહિત્ય બનીને. એ સંબંધ હોય કે જીવન જીવવાની રીતી ,દ્રષ્ટિકોણ કે વલણ. બધું જ બીબાઢાળ હોય તો ઈશ્વરને ય સૃષ્ટિ જોવાની ના ગમે. જો આપણી ઇકો-સિસ્ટમ પણ ઈશ્વરે આટલી વૈવિધ્યપૂર્ણ બનાવી છે, તો માનવ સ્વભાવની કોમ્પ્લેક્સીટીને શા માટે સહજ અને પૂર્વગ્રહના ભાવ વગર ઈન્ડીવીજ્યુઆલીટીના મીસરીતત્વ તરીકે ના લઇ શકીએ??.. દરેક બાળક રૂટીન નથી. એકબીજાની ઝેરોક્ષ કોપી નથી. તો પછી ઝેરોક્ષ કોપી જેવી વિચારધારા, જડતાવાળી આદતોનું પ્રત્યારોપણ કરવાની જીદ શા માટે કરવી જોઈએ..?

વિચારો "રોપવા" અને વિચારો "થોપવા" બંને કેટલી અલગ વસ્તુ છે..!!

તું બની જાય હું... તો એમાં તારું શું રહ્યું ...!!
તું નીખરે તારાં આત્માબળ થકી,
એમાં જ મારું થડ રહ્યું......!!
તું તું જ બનશે અને તારા થકી જ
મારું તારાં થકી બસ તારું જ હિત રહ્યું...!!

- mitalpatel56@gmail.com
94289 03743

# અંતરના લાવાની પ્રવાહી લાલાશ એટલે જિંદગીનો પ્રવાસ...

રાતની ભીનાશમાં સૂર્યોદયની મહત્તાનું ગીત રહેલું હોય છે. એટલે જ જેમણે રાતના કાળા તડકા વેઠ્યા છે, તેમને ઉષાની ભાવ-લબ્ધી પ્રાપ્ત થઈ છે. માણસનો સ્વભાવ પણ કરોળિયા જેવો છે. એટલે જીવનમાં સેકંડો જાળા છે. માણસ સંબંધો બાંધવાની કલા શીખે છે, પછી સંબંધો બનાવવાનું હુન્નર પણ. આ બે જીવનને અનુકૂલિત કરવાના મહત્ત્વના જરિયા છે. પણ તેમાં માણસની સારું-ખરાબ કરતા રહેવાની, વિચારતા રહેવાની ફિતરત ક્યારે આવી જાય છે, ખબર નથી પડતી. માણસ જ ઈચ્છાઓના વાદળોની વચ્ચે જવાની જીદ કરે છે અને પછી સંબંધોના વાદળોમાં મેઘગર્જના થાય એટલે ચીસ પાડે છે.

પણ દિવસ-રાતના રદીફ અને કાફિયા જિંદગીની ગઝલને નવા-નવા મકામે લઈ જાય છે. આ પ્રવાહિતાના લીધે જ માણસાઈની અલખનંદા વહેતી રહે છે. છતાં દુઃખની નાની ઘટનાથી મનનો ફરિયાદી સ્વભાવ પાછો જાગી જાય છે. કોઈકને કશું જ નથી મળ્યું એની ફરિયાદ છે. કોઈક પાસે બધું આવી ગયું છે, છતાંપણ ચિત્તમાં શાંતિ નથી, એનો બળાપો છે. જીવનના વનવાસમાં કોઈની પાસે ક્ષણોનું એવું લીકેજપ્રૂફ વાસણ નથી, જેમાંથી મસ્તી બહાર ન વહી જાય. નવી કાર, નવું ઘર, નવી નોકરી, નવું શહેર આ બધું જ માણસને નવું જોઈએ છે, પણ જિંદગી નવી કરવાની તસ્દી નથી લેવી. માત્ર સિસીફસની માફક રોજ સવારે ઉઠાવું છે, દિવસભર દોડવું છે અને રાત્રે સુઈ જવું છે. આ દિનચર્યામાં યાંત્રિકતા વધુ અને યાત્રિક ક્ષણોની ભીનાશ ઓછી છે.



થોટ પીચ પર નો બોલ
ડો. ધર્માંશુ વૈદ્ય

માણસ સપના ગૂંથે છે અને પછી સપના માટે મીણબત્તીની જેમ જ બળે છે. પણ ઓગાળવાની ગંભીર ક્રિયા સાથે જ બની રહી છે, એ તરફ એનું ધ્યાન નથી જતું. ઘણીવાર પ્રશ્ન પણ થાય છે કે વૃદ્ધ માણસ પાસે ભૂતકાળ સિવાય કેમ કશું જ બચતું નથી? કેમ મોટાભાગના વડીલોની આંખોમાં વીતેલા સમયના પડછાયાને વાગોળવાની વૃત્તિ ડોકાયા કરે છે. ઉત્તર અકળાવનારો મળે છે- 'કેમ કે જિંદગીનો સ્પર્શ મહેસૂસ કરવાનો અવકાશ બહુ મળ્યો નથી.' આ જીવનની મહેસુસીમાં જ ગીતાની કેશવી ગહેરાઈ છે. જેમની પાસે આ ઊંડાણ છે એવો માણસ સાઈકોલોજિકલી યુવાન જ રહી જાય છે. સમય તેના અંદરના સત્વને કરચલીઓ નથી પાડી શકતો.

પણ ઘણીવાર વ્યક્તિ પોતાની પછીની પેઢીને નવી સ્વપ્નભૂમિ પર ઉગતી જુએ છે અને વ્યથિત બની જાય છે. કેમ કે દરેકની આકાંક્ષાઓની કૂખ તો કાળના તિમિરમિશ્રિત ઉજાશમાં રહેલી છે, એવું સ્વીકારવાની તેનામાં હિંમત નથી જાગતી. અમુક કિસ્સામાં એવું ભાન પણ નથી હોતું. એટલે પછી જે નજીકમાં છે અને જેમનાથી ઘર બને છે, ત્યાં જ માણસ પોતાની અપેક્ષાઓ વાવી દે છે. પણ માણસની અપેક્ષાના બધા બી અન્યની સ્વપ્નભૂમિ પર ઉગે એવું ક્યાંથી શક્ય બને? આવી સ્થિતિમાં ઘર્ષણ થાય તે પણ સ્વાભાવિક છે. માટે જ અંતરના લાવાને ઘનીભૂત ન થવા દેવો હોય અને તેની પ્રવાહી લાલાશ બરકરાર રાખવી હોય, તો સમયને દેવ માનવો પડે છે અને જીવનની ભાગીરથીમાં ભીંજાવું પડે છે. કેમ કે ત્યાં જ કોઈક ક્ષણોમાં હાથ સળગે છે અને મહારાસનું દર્શન થઈ જાય છે.

**પી.એસ. :**

**"પતંગિયું દિવસો નહીં, પણ ક્ષણોમાં જીવે છે અને સમય ખૂટતો નથી." : કવિવર રબીન્દ્રનાથ ટાગોર**

- dharmanshuvaidya88@gmail.com
9265049335